**Publication** : Rakhewal

**Date** : Friday, August 13, 2010

**Edition** : Deesa

**Page** : 04

# ગુજરાતના પ્રથમ સફળ જીવંત લીવરનું ટ્રાન્સપ્લાન્ટેશન




અમદાવાદ

ભારતના લીવર ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમમાં એક નવા સફળ અધ્યાયનો ઉમેરો થયો છે. એપોલો હોસ્પિટલ્સ, અમદાવાદમાં ગુજરાત રાજ્યના પ્રથમ સફળ જીવંત લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. એપોલો હોસ્પિટલ્સના ગૃપ મેડીકલ ડિરેક્ટર અને સિનિયર પિડીયાટ્રીક ગ્રેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ ડૉ. અનુપમ સિબ્બલ આ અંગે કહે છે, 'અમે ભારતીય ઉપખંડમાં લીવર ટ્રાન્સપ્લાન્ટના ક્ષેત્રમાં એક નવો રાહ ચીંધી રહ્યા છીએ. ૧૯૯૮ માં એપોલો દિલ્હીએ ભારતમાં પ્રથમ જીવંત લીવર દાતા ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરીને ભારતમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટના ૧૨ વર્ષના ઈતિહાસમાં માઈલસ્ટોન બનાવ્યો છે. આ વર્ષે એપોલો હોસ્પિટલ્સે ૧૦૦ લીવર ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશનો હાથ ધર્યા છે અને થોડા સમયમાં આ સંખ્યા ૫૦૦ પર પંહોંચી જશે.

૪૭ વર્ષના સુનિલ પટેલ છેલ્લા તબકકાની લીવરની માંદગીથી પીડાતા હતા. આ બિમારીમાં દર્દી બહુ વધારે મહિના જીવી શકતો હોતો નથી. તેમને તાકીદે લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવી હતી. ૪૬ વર્ષના તેમના પત્ની જિજ્ઞાબેન પટેલનું લોહી તેમના બ્લડ ગૃપ સાથે મેચ થતું હતું. તેઓ તેમના લીવરનો થોડો ભાગ તેમના પતિને ડોનેટ કરવા માટે તૈયાર હતા. તેમની પર જરૂરી તમામ ટેસ્ટ કરાયા. દાતાના લીવરની સ્થિરતા પણ જોવામાં આવી.

ડૉ. પ્રફુલ્લ બી. પવાર, એપોલો હોસ્પિટલ્સ અમદાવાદના સીઈઓ પોતાની ટીમને આ સફળતા બદલ અભિનંદન આપતાં કહે છે, 'આ સુવિધાની ઉપલબ્ધી ગુજરાતના લોકો માટે લાભપ્રદ બનશે.'

ડૉ. ચિરાગ દેસાઈ, ચીફ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન કહે છે, 'આ સર્જરી ૧૬ કલાક ચાલી હતી. અમારે માત્ર સર્જરી પર જ ધ્યાન રાખવાનું નહોતું પણ દાતાની સલામતી પણ જોવાની હતી. પટેલ દંપતિએ જે ધૈર્ય દાખવ્યું છે તે કાબિલે દાદ છે.